**પરીક્ષણ વિભાગ**

# 'SCE' અંતર્ગત અભ્યાસક્રમ અને પ્રવૃત્તિઓનું આયોજન
## (પ્રથમ સત્ર)

ધોરણ : 9

## વિષય : વિજ્ઞાન અને ટૅક્નોલૉજી

| ક્રમ | માસ | કાર્યદિવસ | પ્રકરણ | શિક્ષણકાર્ય તથા મૂલ્યાંકન કાર્ય માટે ઉદાહરણરૂપ પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|
| 1 | જૂન | 16 | 1. ગતિ | → ગતિમાન પદાર્થોનાં વ્યાવહારિક ઉદાહરણો (નિયમિત-અનિયમિત)<br>→ વર્તુળમય ગતિનાં ઉદાહરણો<br>→ ઝડપ, વેગ, પ્રવેગ, પ્રતિવેગ, સરેરાશ વેગ, અચળ વેગનાં આલેખ અને તેના ઉપયોગોની સમજ |
| | | | 9. આપણે શા માટે માંદા પડીએ છીએ ? | → વ્યક્તિગત સ્વાસ્થ્યની સમજ<br>→ પ્રાથમિક આરોગ્યકેન્દ્રની મુલાકાત<br>→ જુદા જુદા સૂક્ષ્મ જીવોથી થતાં રોગોનો ચાર્ટ<br>→ પ્રતિષ્ઠિત ડૉક્ટર સાથેની મુલાકાત |
| 2. | જુલાઈ | 26 | 2. બળ અને ગતિના નિયમો | → ગેલેલિયો, ઍરિસ્ટોટલ અને ન્યૂટનનાં જીવનવૃત્તાંતનો ચાર્ટ<br>→ ન્યૂટનના ગતિના નિયમોનાં વ્યવહારિક ઉદાહરણો<br>→ વેગમાન, ઘર્ષણબળનાં વ્યાવહારિક ઉદાહરણો |
| | | | 4. દ્રવ્યનાં ગુણધર્મો | → દ્રવ્યનાં વિવિધ સ્વરૂપનાં વ્યાવહારિક ઉદાહરણો<br>→ તત્ત્વ, મિશ્રણ, સંયોજનનાં વ્યાવહારિક ઉદાહરણો<br>→ તત્ત્વ, સંયોજનનાં અણુસૂત્રોનો ચાર્ટ, સંજ્ઞા, પરમાણુક્રમાંક, પરમાણુ ભાર<br>→ મોલની સંખ્યા, અણુભાર, ટકાવારી પ્રમાણ વગેરેનાં સૂત્રો |
| | | | 6. સજીવના પાયાનો એકમ - કોષ | → સૂક્ષ્મદર્શક યંત્રની સમજ, નિદર્શન<br>→ કોષની આંતરિક સમજ → રંગીન ચાર્ટ દ્વારા<br>→ કોષના ભાગોની વિવિધ સ્લાઇડ બનાવવાની પ્રવૃત્તિઓ<br>→ જીવવૈજ્ઞાનિકોનાં નામ અને તેની શોધો |
| 3. | ઑગસ્ટ | 22 | 3. ગુરુત્વાકર્ષણ | → ગુરુત્વાકર્ષણની સમજ<br>→ અગાશી-છત ઉપર જઈ હલકા અને ભારે પદાર્થોને નીચે નાખી સમજવા<br>→ ગુરુત્વાકર્ષણનો સાર્વત્રિક નિયમનો ચાર્ટ<br>→ સૂત્રો, એકમો, કિંમતો, સમીકરણોનો ચાર્ટ<br>→ આર્કિમીડીઝના સિદ્ધાંતના વ્યવહારિક મૉડેલ્સ બનાવવાં |
| | | | 7. વનસ્પતિ પેશીઓ | → વનસ્પતિપેશીના વર્ગીકરણનો ચાર્ટ<br>→ વનસ્પતિના વિવિધ અંગોની સ્લાઇડ<br>→ વનસ્પતિના વિવિધ અંગોના નમૂના |

| ક્રમ | માસ | કાર્યદિવસ | પ્રકરણ | શિક્ષણકાર્ય તથા મૂલ્યાંકન કાર્ય માટે ઉદાહરણરૂપ પ્રવૃત્તિઓ |
|---|---|---|---|---|
| 4. | સપ્ટેમ્બર | 25 | 5. પરમાણુનું બંધારણ | → પરમાણુનું મૉડેલ-ચાર્ટ<br>→ તત્ત્વોની ઇલેક્ટ્રોન સંરચનાનો ચાર્ટ<br>→ રેડિયોએક્ટિવ તત્ત્વો અને સમસ્થાનિકોની સમજ |
| | | | 8. પ્રાણીપેશી | → પ્રાણીપેશીના વર્ગીકરણનો ચાર્ટ<br>→ પેશીઓની આકૃતિઓનો રંગીન ચાર્ટ<br>→ પ્રાણી પેશીઓની સ્લાઇડ અથવા કમ્પ્યૂટર દ્વારા PPT પ્રેઝન્ટેશન |
| 5. | ઑક્ટોબર | 05 | → | પુનરાવર્તન |
| | | 09 | SA - 1 પરીક્ષા | |
| | | 04 | 16-10-2011 થી SA - 2 શરૂ | |

## વિષયવસ્તુ અથવા પ્રકરણ પ્રમાણે ગુણભાર (પ્રથમ સત્ર)

| ક્રમ | પ્રકરણ નંબર | વિષયવસ્તુ અથવા પ્રકરણનું નામ | ગુણભાર |
|---|---|---|---|
| | | ભૌતિક વિજ્ઞાન | |
| 1 | 1 | ગતિ | 06 |
| | 2 | બળ અને ગતિના નિયમો | 07 |
| | 3 | ગુરુત્વાકર્ષણ | 07 |
| | | રસાયણ વિજ્ઞાન | |
| 1 | 4 | દ્રવ્યના ગુણધર્મો | 07 |
| | 5 | પરમાણુનું બંધારણ | 08 |
| | | જીવ વિજ્ઞાન | |
| 1 | 6 | સજીવનો પાયાનો એકમ - કોષ | 07 |
| | 7 | વનસ્પતિપેશીઓ | 06 |
| | 8 | પ્રાણીપેશી | 07 |
| | | આરોગ્ય | |
| 1 | 9 | આપણે શા માટે માંદા પડીએ છીએ ? | 05 |
| | | | 60 ગુણ |

# પ્રશ્નપત્રનું માળખું

**કઠિનતામૂલ્ય પ્રમાણે ગુણભાર : (SA - 1 અને SA - 2 માટે)**

| | ટકા | ગુણ |
|---|---|---|
| અઘરા | 15 ટકા | 09 |
| સામાન્ય | 35 ટકા | 21 |
| સરળ | 50 ટકા | 30 |

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન | સમજ | ઉપયોજન | કૌશલ્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણના ટકા | 35 ટકા | 35 ટકા | 15 ટકા | 15 ટકા | 100 ટકા |
| ગુણ | 21 | 21 | 09 | 09 | 60 |

**પ્રશ્નોના સ્વરૂપ આધારિત ગુણભાર :**

| પ્રશ્નોનું સ્વરૂપ | નિબંધ પ્રકારના પ્રશ્નો | નિબંધ પ્રકારના પ્રશ્નો | ટૂંકા પ્રશ્નો | ટૂંકા પ્રશ્નો | MCQ હેતુલક્ષી પ્રશ્નો | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | 5 ગુણ | 4 ગુણ | 3 ગુણ | 2 ગુણ | 1 ગુણ | |
| પ્રશ્નોની સંખ્યા | – | 2 | 4 | 5 | 30 | 41 |
| ફાળવેલ ગુણ | – | 8 | 12 | 10 | 30 | 60 |
| અંદાજીત સમય (મિનિટમાં) | – | 20 | 30 | 30 | 40 મિનિટ | 120 |

## પ્રશ્નપત્રનું પરિરૂપ (SA - 1 અને SA - 2 માટે)

**PART - A** **[30]**

- M.C.Q. માં આંતરિક વિકલ્પ આપવામાં આવશે નહીં.
- બહુવિકલ્પ પ્રકારના 30 પ્રશ્નો પૂછાશે. દરેક પ્રશ્નનો 1 ગુણ રહેશે. તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

**PART - B**

- સમાન કઠિનતામૂલ્ય ધરાવતાં વૈકલ્પિક પ્રશ્નો જે તે પ્રકરણમાંથી જ આંતરિક વિકલ્પ તરીકે પૂછવા.

**SECTION – A** **[10]**

– પ્રશ્ન-નંબર 1 થી 5 ના ટૂંકમાં ઉત્તર લખો.
– દરેકના 2 ગુણ રહેશે.
– બે પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ રહેશે.

**SECTION – B** **[12]**

– પ્રશ્ન-નંબર 6 થી 9 ના ઉત્તર લખો.
– દરેકનાં 3 ગુણ રહેશે.
– એક પ્રશ્નમાં આંતરિક વિકલ્પ રહેશે.

**SECTION – C** **[08]**

– પ્રશ્ન-નંબર 10 અને 11 ના મુદ્દાસર ઉત્તર લખો.
– દરેકના 4 ગુણ રહેશે.
– એક પ્રશ્નમાં આંતરિક વિકલ્પ રહેશે.

# ધોરણ : 9
## વિષય : વિજ્ઞાન અને ટેક્નોલૉજી
## નમૂનાનું પ્રશ્નપત્ર (SA - 1 માટે)

સમય : 2 કલાક

કુલ ગુણ : 60

### PART-A

સૂચનાઓ : (1) પ્રશ્નપત્રમાં PART-A તથા PART-B એમ કુલ બે વિભાગ છે.

(2) PART-Aમાં એક એક માર્કસના કુલ 30 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નોમાં ચાર વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે. દરેક પ્રશ્નનો 1 ગુણ રહેશે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

1. 54 km/h જેટલી અચળ ઝડપે ગતિ કરતાં વાહનની ઝડપ m/s એકમમાં કેટલી થાય ?
(A) 9 m/s (B) 15 m/s (C) 90 m/s (D) 1.5 m/s

2. પ્રવેગનો SI એકમ જણાવો :
(A) $m/s^2$ (B) m/s (C) cm/s (D) km/h

3. એક સ્કૂટરનો વેગ 5 સેકન્ડમાં 5 m/s થી વધીને 15 m/s થાય તો તેના પ્રવેગનું મૂલ્ય કેટલું થાય ?
(A) 4 m/s (B) $4\ m/s^2$ (C) $2\ m/s^2$ (D) 2 m/s

4. નિયમિત વર્તુળમય ગતિ કરતાં પદાર્થની રેખીય ઝડપ શોધવાનું સૂત્ર નીચે પૈકી કયું ?
(A) $\frac{\pi r^2}{t}$ (B) $\frac{2\pi r}{t}$ (C) $\frac{\pi r}{t}$ (D) $\frac{2\pi r^2}{t}$

5. નીચેનામાંથી કોનું જડત્વ સૌથી વધુ હશે ?
(A) સ્કૂટર (B) સાયકલ (C) ટ્રક (D) કાર

6. ન્યૂટનનો ગતિનો કયો નિયમ બળની વ્યાખ્યા આપે છે ?
(A) ત્રીજો (B) બીજો (C) પ્રથમ (D) શૂન્ય

7. 1 dyne = _____ newton
(A) $10^{-5}$ (B) $10^5$ (C) $10^6$ (D) $10^{-6}$

8. સોનાની સાપેક્ષ ઘનતા કેટલી ?
(A) 1.93 (B) 19.3 (C) 193 (D) 19.302

9. G નું મૂલ્ય પ્રાયોગિક રીતે સૌ પ્રથમ કયા વૈજ્ઞાનિકે મેળવ્યું ?
(A) આર્કિમિડિઝ (B) ન્યૂટન (C) ગેલેલિયો (D) હેન્રી કેવેન્ડિસ

10. પદાર્થની સપાટી પર એકમ ક્ષેત્રફળ દીઠ લંબરૂપે લાગતાં બળને _____ કહે છે.
(A) બળનો આઘાત (B) ઘર્ષણ (C) દબાણ (D) વેગમાન

11. 60 kg દળ ધરાવતાં અક્ષયનું ચંદ્ર પર દળ કેટલું હશે ?
(A) 10 kg (B) 10 N (C) 60 kg (D) 360 kg

12. તત્વની સમજૂતીપૂર્વકની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કયા વૈજ્ઞાનિકે કર્યો ?
(A) રૂથરફોર્ડ (B) લેવોઝિયર (C) ડાલ્ટન (D) રોંજન

13. 1 નેનોમીટર = _______ મીટર.

(A) $10^{-9}$ (B) $10^{9}$ (C) $9^{10}$ (D) $9^{-10}$

14. સલ્ફરનું અણુસૂત્ર કયું છે ?

(A) $S_2$ (B) S (C) $S_4$ (D) $S_8$

15. કયા કણો ઋણ વિદ્યુતભાર ધરાવે છે ?

(A) આલ્ફા (B) બીટા (C) ક્ષ-કિરણો (D) ગેમા

16. (2, 8, 8) ઇલેક્ટ્રોન ગોઠવણી કયાં તત્ત્વની છે ?

(A) Ar (B) Cl (C) $Cl^-$ (D) Ca

17. પરમાણુના સંપૂર્ણ કદ કરતાં પરમાણ્વીય કેન્દ્ર કેટલા ગણું નાનું હોવું જોઈએ, એમ રૂથરફોર્ડ સૂચવ્યું ?

(A) $10^5$ (B) $10^8$ (C) $10^{10}$ (D) $10^9$

18. L-કક્ષામાં વધારેમાં વધારે કેટલા ઇલેક્ટ્રોન સમાવી શકાય છે ?

(A) 8 (B) 2 (C) 18 (D) 36

19. પ્રાણીકોષમાં કોષકેન્દ્ર ગેરહાજર હોય તો તેમાં શેનો અભાવ હોય છે ?

(A) રિબોઝોમ્સ (B) ક્રોમોઝોમ્સ (C) અંતઃકોષરસજાળ (D) લાયસોઝોમ્સ

20. આત્મઘાતી કોથળી તરીકે ઓળખાતી અંગિકા કઈ ?

(A) લાયસોઝોમ્સ (B) કણાભસૂત્ર (C) ગોલ્ગીકાય (D) અંતઃકોષજાળ

21. કોષમાં રહેલા દ્રવ્યને 'જીવરસ' શબ્દ આપનાર વૈજ્ઞાનિકનું નામ જણાવો :

(A) પરકિન્જે (B) રોબર્ટ બ્રાઉન (C) રોબર્ટ હૂક (D) લ્યુવૉન હોક

22. માનવશરીરમાં સૌથી મોટો કોષ કયો ?

(A) યકૃતકોષ (B) ચેતાકોષ (C) મૂત્રપિંડકોષ (D) સ્નાયુકોષ

23. અન્નવાહક પેશીમાં મૃત ઘટક કયો ?

(A) ચાલની કોષ (B) ચાલની નલિકા (C) સાથી કોષ (D) અન્નવાહક તંતુ

24. હરિતકણ ધરાવતાં મૃદુતકના કોષોને શું કહે છે ?

(A) વાયુતક પેશી (B) દઢોત્તક પેશી (C) સ્થૂલકોણક પેશી (D) હરિતકણોત્તક પેશી

25. કઈ પેશી વનસ્પતિને નમ્યતા અને સ્થિતિસ્થાપકતા આપે છે ?

(A) સ્થૂલકોણક (B) દઢોત્તક (C) મૃદુતક (D) જલવાહક

26. અસ્થિ એ _______ નું ઉદાહરણ છે.

(A) ચેતા પેશી (B) સ્નાયુ પેશી (C) સંયોજક પેશી (D) અધિચ્છદીય પેશી

27. શ્વાસનળીમાં કઈ સરળ અધિચ્છદ પેશી જોવાં મળે ?

(A) લાદીસમ (B) ઘનાકાર (C) સ્તંભીય (D) પક્ષ્મલ

28. સ્નાયુમાં આવેલા વિશિષ્ટ પ્રોટીનને શું કહે છે ?

(A) ટ્યુબ્યુલીન (B) ગ્લોબ્યુલીન (C) આકુંચક (D) વાહક

29. કમળો એ કયા અંગનો રોગ છે ?

(A) મૂત્રપિંડ (B) આંતરડું (C) સ્વાદુપિંડ (D) યકૃત

30. $H_1N_1$ એ કયા રોગનો વાયરસ છે ?

(A) એઇડ્સ (B) સ્વાઇન ફ્લુ (C) શરદી (D) કન્ઝકિટવાઈટીઝ

## PART-B

સૂચનાઓ : (1) PART–B માં કુલ 1 થી 11 પ્રશ્નો રહેશે.
(2) PART–B માં કુલ ત્રણ વિભાગ A, B અને C રહેશે.
(3) આંતરિક વિકલ્પોમાં ખાસ કાળજી લેવી.
(4) જરૂર જણાય ત્યાં પેન્સિલથી નામ-નિર્દેશનવાળી આકૃતિ દોરવી.

### SECTION - A

- **નીચે આપેલ પ્રશ્ન નં. 1 થી 5ના ટૂંકમાં ઉત્તર આપો. (દરેકના 2 ગુણ)** **[10]**

1. મિશ્રણની વ્યાખ્યા આપો. મિશ્રણના પ્રકાર જણાવી દરેકનું એક ઉદાહરણ આપો.
2. ચેતાકોષની નામ-નિર્દેશનવાળી આકૃતિ દોરો.
3. તફાવતના બે-બે મુદ્દા આપો : અસ્થિ અને કાસ્થિ
4. ગતિમાન પદાર્થ માટે વેગ → સમયના આલેખના ઉપયોગો જણાવો.

**અથવા**

4. 72 km/h જેટલા અચળ વેગથી ગતિ કરતી કારને બ્રેક લગાવતાં 10 S માં તેનો વેગ ઘટીને 18 km/h થાય છે, તો તેનો પ્રતિવેગ શોધો.
5. કલિલ દ્રાવણ કોને કહે છે ? ઉદાહરણ આપો.

**અથવા**

5. $H_2SO_4$નો અણુભાર શોધો. (H = 1, S = 32, O = 16)

### SECTION - B

- **નીચે આપેલ પ્રશ્ન 6 થી 9ના ટૂંકમાં ઉત્તર આપો. (દરેકના 3 ગુણ)** **[12]**

6. ગુરુત્વાકર્ષણનો સાર્વત્રિક નિયમ લખો અને તેનું ગાણિતિક સ્વરૂપ મેળવો.
7. નીચે દર્શાવેલી અંગિકાનાં કાર્ય લખો :
   (a) ગોલ્ગીકાય
   (b) હરિતકણ
   (c) કણાભસૂત્ર
8. એક્યુટ રોગ અને ક્રોનિક રોગ એટલે શું ? દરેકના બે-બે ઉદાહરણ આપો.
9. વનસ્પતિ પેશીના વર્ગીકરણનો ચાર્ટ દોરો.

**અથવા**

9. વર્ધનશીલ પેશીના ચાર લક્ષણો જણાવી, તેના ત્રણ પ્રકારો સ્થાનને આધારે લખો.

### SECTION - C

- **નીચે આપેલ પ્રશ્ન. નં. 10 થી 11ના ઉત્તર મુદ્દાસર લખો. (દરેકના 4 ગુણ)** **[08]**

10. કેથોડ કિરણોની ઉત્પત્તિ આકૃતિ દોરી સમજાવો અને કેથોડ કિરણોના બે ગુણધર્મો લખો.
11. ન્યૂટનની ગતિનો બીજો નિયમ લખો. F = ma સૂત્ર સાબિત કરો.

**અથવા**

11. વેગમાન સંરક્ષણનો નિયમ લખો અને તેનું ગાણિતિક સ્વરૂપ તારવો.